જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૮/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૭૧/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી ૫૧ વ્યક્તિઓને ઝડપી ૩૯૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિને ઝડપી કુલ રૂપિયા ૫૪,૮૩૦/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૭૨/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૯ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૧૭૩/૧૪

**વેજલપુર :** સંગીતાબહેન સુરેશભાઇ રાણા (ઉ.વ.૧૫)(રહે.પ્રવિણનગર, જય અંબેનગરની અંદર, વાસણા) ને તા.૧૯/૮/૧૪ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી મદદગાર આરોપી કાનારામ ગણેશજી નાયક (રહે.હિનકપુરા તા.જી.પાલી, રાજસ્થાન) અને આરોપી આશાબહેન ગીલાજી નાયક (રહે. પ્રવિણનગર, જય અંબેનગરની અંદર, વાસણા) ની મદદથી આરોપી જગદીશ માદારામ નાયક (રહે.ગામ વાડીયા, તા.મારવાડ, જી.પાલી, રાજસ્થાન) સંગીતાબહેનને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સંગીતાબહેનના પિતા સુરેશભાઇ રાણાએ તા.૨૩/૮/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.મિર્ઝા ચલાવે છે.

**દાણીલીમડા :** લલીતા ઉર્ફે કાળી જશવંતભાઇ કુભરેલા (ઉ.વ.૧૭)(રહે.પરીક્ષીતલાલનગર, બહેરામપુરા) ને તા.૨૨/૮/૧૪ સવારનાં ૮/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી ભરતભાઇ ભુપેન્દ્રભાઇ મકવાણા ઘર નજીકથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ લલીતાબહેનના પિતા જશવંતભાઇ કુંભરેલાએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૧૭૪/૧૪**

**સરદારનગર :** ભરતભાઇ રામપ્રતાપ ચૌહાણ (રહે.પાર્થ બંગ્લોઝ, નોબલનગર, રોહીણી બંગ્લોઝની સામે) એ સરદારનગર એ તા.૨૩/૮/૧૪ સવારનાં ૭/૦૦ થી બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન લાલ રંગની ગાડીમાં આવેલ પુરૂષ પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૭૫/૧૪**

**નરોડા :** અશોકભાઇ બલ્લુભાઇ દમાણીયા (રહે.યશવર્ધન ફ્લેટ, આનંદનગર પાલડી) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૮/૧૪ બપોરનાં ૧૨/૪૦ વાગ્યાના સુમારે નરોડા સૈજપુર પોસ્ટ ઓફીસ પાસે સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા ના કેશ કાઉન્ટર ઉપર રાખેલ રૂપિયા ૫૦૦ ના દરની ૧૦૦ નોટોનું બંડલ કુલ રૂપિયા ૫૦,૦૦૦/- અજાણ્યો (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) પુરૂષ ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૧૭૬/૧૪**

**એલીસબ્રીજ :** ભાણજીભાઇ દેવજીભાઇ ચોદરવા (ઉ.વ.૪૦)(રહે.મહેનતપુરાના છાપરાં, આંબાવાડી) એ કોઇ કારણસર તા.૨૩/૭/૧૪ કલાક ૬/૪૦ વાગ્યા પહેલાં જમાલપુર બ્રીજ પાસે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.